ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૮ મે, ૨૦૨૫



એક રૂપિયાને લીધે સચિનદાએ મિત્રને... Pg.2



જિંદગીમાં પ્રેમ જ યાદ રહે છેઃ વામિકા ગબ્બી Pg.4

લાઇમ લાઇટ

# માન ના માન નહી ચાલે હવે સલમાન



સલમાન ખાન એક્ટર તરીકે ઓલમોસ્ટ પતી ગયો છે. એની 'સિકંદર'પાસે ખૂબ આશા હતી પણ તે એટલી ખરાબ રીતે ફેલ ગઈ કે અત્યારે સલમાન સામે આ ફિલ્મનું નામ લો સામે મારવા દોડે છે. આજકાલ એવું છે કે નિષ્ફળ ગયેલી ફિલ્મ નિષ્ફળ નથી ગઈ એવું જાહેર કરવા માટે તરત તેની સિકવલ બનશે એવી જાહેરાત થાય છે. ફિલ્મ સફળ થાય તો છૂપાયેલી રહેતી નથી અને નિષ્ફળ જાય તો તેને ય છૂપાવવું મુશ્કેલ હોય છે. મોટા સ્ટાર્સની ફિલ્મ ક્યારેય છૂપાવી શકાતી નથી. સલમાન સિકવલ જાહેર કરે તો પણ કઈ રીતે? એવા સંજોગોમાં તેણે 'ગંગારામ'નામની ફિલ્મની જાહેરાત કરી હતી. સલમાનની ફિલ્મનાં શીર્ષક 'ગંગારામ'ન હોય શકે તે તો 'બજરંગી ભાઈજાન', 'કિસી કા ભાઈ કીસી કી જાન', 'સુલતાન', 'સિકંદર'હોય શકે. આવા નામો સાથે જ તે હિન્દુ-મુસ્લિમ પ્રેક્ષકોને થિયેટરમાં લાવવાનો નુસખો અપનાવે છે. પણ આ વખતે મનોજકુમાર રાખે તેવું શીર્ષક રાખ્યું છે. 'ગંગા રામ! જો કે આ ફિલ્મ બનશે કે નહીં તે હજૂ રહસ્ય છે પણ તેમાં સંજય દત્ત પણ છે એટલે ફિલ્મ બનશે તો એકનું નામ ગંગા અને બીજાનું નામ રામ હશે. પણ આ નામ હિન્દુ પ્રેક્ષકોને ખુશ કરવા માટે છે. 'ગંગારામ'નું તો જે થવાનું હશે તે થશે પણ સલમાને હમણાં દિગ્દર્શક અપૂર્વ લાખિયાનો સંપર્ક કર્યો છે અને ગલવાન ખીણનાં ઘટનાક્રમ આધારીત વૉર ફિલ્મ બનાવવા માંગે છે. સલમાન હવે 60નો થવાનો છે ત્યારે કોઈ પણ લશ્કરનાં જવાન તરીકે જામે એવો નથી. અરે હવે તો તે 'દબંગ'ની સિક્વલમાં પણ જામે એવો નથી આવા સંજોગોમાં આર્મી ઓફિસર તરીકે કઈ રીતે જામશે? પરંતુ સલમાન અત્યારે પોતાની કારકિર્દી બચાવવા બેબાકળો થયો છે. જો કે બેબાકળો કાંઈ તે હમણાં જ થયો છે એવું નથી. તેની છેલ્લી ફિલ્મો નિષ્ફળ જ ગઈ છે ચાહે 'ભારત'હોય, 'રાધે'હોય, 'દબંગ-3'હોય, 'અંતિમ'હોય, 'કિસી કા ભાઈ કિસી કી જાન'કે 'બેબી જહોન'હોય. 'સિંઘમ અગેન'માં રોહિત શેટ્ટીએ ઘણા સ્ટાર ભરેલા તો પણ અપેક્ષિત સફળતા નહોતી જ મળી અને છેલ્લે 'સિકંદર'બૂરા હાલ કર્યા છે. સલમાનમાં કોઈ નિર્માતા કઈ રીતે પૈસા રોકે? અરે, હવે તો ખુદ સલમાન પણ પોતાનામાં પૈસા રોકતાં સો વાર વિચાર કરે છે. તેને હમણાં હમણાં હિન્દી ફિલ્મોનાં દિગ્દર્શકો પર પણ ભરોસો ઉઠી ગયો છે તે સાઉથનાં દિગ્દર્શકનો આગ્રહ રાખે છે. જો કે તેમાં ય મેળ નથી પડતો એટલે હવે હોલીવુડનાં કોઈ દિગ્દર્શકને તે વિચારી શકે. જો કે તે બહુ મોંઘા પડે અને સલમાન સાથે કામ કરવા હવે તૈયાર પણ ન થાય. સલમાન અત્યારે બીજા સ્ટાર્સ સાથે કોમ્બિનેશન બનાવી ફિલ્મને બચાવવાનાં નુસખા ય અપનાવી રહ્યો છે. જેમ કે એટલી દિગ્દર્શીત એક ફિલ્મ વિચારાયેલી છે જેમાં સલમાન સાથે કમલ હાસન છે. 59નો સલમાન અને 71 વર્ષનો કમલ હાસન. 'ગંગા રામ'પણ જો બને તો તેમાં 65 વર્ષનો સંજય દત્ત છે. લોકો કઈ રીતે આ ફિલ્મો જોવાનાં? પણ સલમાન પરેશાન છે કે ટોપ સ્ટાર તરીકે તેની પોઝીશન રહી નથી. તેને સમજાતું નથી કે લોકો કેમ હવે તેની ફિલ્મ જોવા આવતાં નથી. સુરજ બડજાત્યા તેની સાથે 'પ્રેમ કી શાદી'બનાવવાના હતા તેમણે ય ફિલ્મ બનાવવાનો વિચાર પડતો મુક્યો. અરે બીજા તો ઠીક પણ સલમાન સફળ હતો ત્યારે ભાઈની સફળતાનો લાભ લેવા અરબાઝ ખાન અને સોહેલ ખાન ફિલ્મો બનાવવા માંડેલી. અરબાઝે નિર્માતા તરીકે 'દબંગ', 'દબંગ-2', 'દબંગ-3'બનાવી હતી જેમાં સલમાન હતો. સોહેલ ખાને પણ સલમાન સાથે 'પ્યાર કિયા તો ડરના ક્યા', 'હેલો બ્રધર', 'પાર્ટનર', 'રેડી', 'જય હો'ને છેલ્લે 'રાધે'ફિલ્મ બનાવી પણ હવે સલમાન સાથે તે ફિલ્મ બનાવતો નથી કેવી રીતે બનાવે? પૈસા ડૂબવાના હોય તો જોખમ ન લેવાય. એટલે સલમાનની હાલત હવે પતલી થઈ ગઈ છે. સ્ટારડમ ટકે એમ નથી અને કોઈ દિગ્દર્શક ગેરંટી આપી શકે તેમ નથી કે તે સલમાન સાથેની ફિલ્મને સફળ બનાવી આપશે. સલમાન બધી રીતે ઘેરાયેલો છે અને એ સમજતો નથી કે સ્ટારડમ પૂરું થઈ ગયું છે. અરે, સલમાન સાથે તો અત્યારે કોઈ હીરોઈન પણ કામ કરવા તૈયાર નથી. સાવ નવીને લઈ ન શકાય એટલે સાઉથમાં રહી 40ની થયેલી હોય તેવી અભિનેત્રીને હીરોઈન બનાવે છે. પણ જ્યારે નિષ્ફળતા શરૂ થાય ત્યારે કોઈ નુસખા કામ નથી લાગતા.

સલમાન જ નહીં તેના બંને ભાઈઓ પણ હવે ફિલ્મોમાં ડિમાંડમાં નથી. સલમાનને તેના પિતા સલીમ ખાને સલાહ આપવી જોઈએ પણ કેવી રીતે આપે? સલમાનને આજ સુધી પરણવાની સલાહ ન આપી શક્યા અને સલમાને પણ સંગીતા બીજલાની, સોમી અલીથી માંડી ઐશ્વર્યા, કેટરીના, લુલિયા સાથે રોમાન્સ કર્યા ને છોડી દીધી.


હવે તો કોઈ તેના નવા લફડાની ય વાત નથી કરતું કારણ કે હવે એવું પણ થતું નથી. તેની સાથે ડેટ કરનારી બધી સમજી ગઈ કે આને તો ફેરવવામાં જ રસ છે, મેરેજની વાત જ નથી. તો સલમાન હવે એ સ્ટાર નથી રહ્યો જે ફિલ્મોને સફળતા અપાવી શકે. તે હજુ પ્રયત્નો ખૂબ કરે છે પણ ચમત્કાર થાય ત્યારે જ થાય. પોતે હવે કઈ જમીન પર આવી ગયો છે તે તેણે સમજવું જોઈએ નહીંતર નિર્માણખર્ચ ભારે પડશે ને પોતે ગાયબ થશે. ●

> "સલમાન અત્યારે બીજા સ્ટાર્સ સાથે કોમ્બિનેશન બનાવી ફિલ્મને બચાવવાનાં નુસખા ય અપનાવી રહ્યો છે. સલમાન અત્યારે બીજા સ્ટાર્સ સાથે કોમ્બિનેશન બનાવી ફિલ્મને બચાવવાનાં નુસખા ય અપનાવી રહ્યો છે

# રાજકુમાર પાસે કેટલો ખજાનો?!

**રાજકુમારે 2024માં કુલ 4 ફિલ્મમાં જ 756.52 કરોડની કમાણી કરાવી હતી, જેણે બોલિવુડનો સૌથી વધારે કમાણી કરનારો 2024નો એક્ટર બનાવ્યો હતો.**

રાજકુમાર રાવ હવે 'મહારાજ' કુમાર બનવાના રસ્તે ચાલી રહ્યો છે. આ 'મહારાજ' શબ્દની પાછળ આવે છે વૈભવ, ખુબ મોટો ખજાનો, મોટું સામ્રાજ્ય અને આ માટે બોલિવુડનાં કલાકારોએ કરવી પડે ઘણી બધી હિટ ફિલ્મ અને પાઈપાઈનો હિસાબ રાખતા પ્રોડ્યુસરો મોં માંગી કિંમત ચૂકવા તૈયાર થાય તેટલી હિટ ફિલ્મો તમારા નામ પાછળ લગાડવી પડે. 2024ની સૌથી વધુ કામાણી કરનાર બોલિવુડની ફિલ્મ સ્ત્રી-2ની સફળતા બાદ રાજ કુમાર મોં માંગી કિંમત મેળવવાની બધી જરૂરિયાત પૂરી કરતો એક માત્ર કલાકાર બની ગયો છે. જ્યારે બોક્સ ઓફિસનાં એક્કા ગણાતા ખાન સ્ટાર્સ અને બીજા બિગ બજેટ હીરો ફ્લોપ રહ્યા ત્યારે રાજ કુમારે પ્રોડ્યુસરો પર પૈસાનો વરસાદ કરવી આપ્યો. રાજકુમારે 2024માં કુલ 4 ફિલ્મમાં જ 756.52 કરોડની કમાણી કરાવી હતી, જેણે બોલિવુડનો સૌથી વધારે કમાણી કરનારો 2024નો એક્ટર બનાવ્યો હતો. આ કારણે રાજકુમારે પોતાની ફીઝ વધારે દીધી એક ફિલ્મના એવરેજ 5-6 કરોડ ચાર્જ કરવા લાગ્યો છે. જે તેની સાથેના બીજા એક્ટર કરતા ઘણી વધારે છે. (એમ તો કાર્તિક આર્યન હાલ 45-50 કરોડ જેટલી ફીઝ ઉઘરાવે છે!) એક નોન ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી આવી પોતાની મરજી મુજબનાં પૈસા મેળવવા એ પોતાનામાં અલગ ઍચિવમેન્ટ તો છે. જોકે રાજકુમારે આ વાતને નકરી દીધી હતી કે હું આટલી ફીઝ નથી લેતો. તો શું છે સાચી હકીકત જાણીયે! રાજકુમારની હાલની નેટવર્થ 88-100 કરોડની વચ્ચે છે! 15 વર્ષ પહેલા જ્યારે રાજકુમારની પહેલી ફિલ્મ LSD રિલીઝ થઈ ત્યારે તેને 11,000 રૂપિયા ફી તરીકે મળ્યા હતા! હાલ તે મુંબઈના જુહુમાં 44 કરોડની કિંમતનો ટ્રિપ્લેક્શ ફ્લેટનો મલિક છે. આ ફ્લેટ પહેલા જાન્હવી કપૂરનો હતો પણ રાજ કહે છે તેની ગરીબીનું કારણ દર મહિને આ ઘર પાછળ જતી ખૂબ મોટી રકમની EMI છે. એટલે તે કમાય છે તે મોટા ભાગનું EMIમાં જ જાય છે. ગાડીનો શોખ છે તો 2 કાર અને 1 બાઈક પણ છે. રાજ પાસે કેટલા રુપિયા છે તેનો ઈશારામાં જવાબ આપતા કહે છે કે 'મને 5 કરોડની વસ્તુ ગમશે તો મારે વિચારવું પડશે, એક બે અઠવાડિયા લાગે, કદાચ હું નહિ લઉં, પણ જો એ 2-5 લાખની વસ્તુ હશે તો હું થોડી સેકન્ડ વિચાર કરી એ વસ્તુ ખરીદી શકું છું. કોને ખબર હતી એક સમયે ફૂટપાથ પર સુતેલો શાહરુખ બોલિવુડમાં સૌથી વધુ નેટવર્થ ધરાવતો એક્ટર હશે! રાજ પણ એ બાબતે શાહરુખને અનુસરી રહ્યો છે. જે પણ ફિલ્મ મળે તેને ખુબ મજેદાર રીતે કરવી. ઑડિયન્સ સામે દેખાતા રહેવું અને આ બધું રાજ સારી રીતે કરી રહ્યો છે. અને હવે તો રાજકુમાર પત્ની પત્રલેખા સાથે મળી પોતાનું KMPL પ્રોડક્શન હાઉસ પણ ખોલી ચુક્યો છે. આ વર્ષે તેની નેટવર્થમાં હજી વધારો થાય તેવી શક્યતા છે. આ અઠવાડિયે ભૂલચૂક માફ નામની ફિલ્મમાં આવી રહ્યો છે. ટ્રેલર પરથી આ ફિલ્મ રાજ કુમારની ભૂલચૂક બને તેવી શક્યતા છે. જેઆ ફ્લોપ થઈ તો તેની રોકડીયા હીરો વળી ઈમેજ પર ક્રેક આવશે. પણ આની પછી આવી રહેલી મલિકની રાહ તેના ફેન્સ જોઈ રહ્યા છે. જેમાં તે ભરપૂર એક્શન કરતો જોવા મળવાનો છે. ●



માઇ લાઇફ





# સિદ્ધાંતના 'સારા' દિવસો આવી રહ્યા છે?

'ગલી બોય' સિદ્ધાંત ચતુર્વેદી ગયા મહિને એપ્રિલમાં 32 વર્ષનો થયો. જો કરિયર સેટ હોય તો આ ઉંમરે ભારતમાં લોકો પરણી જાય છે. સિદ્ધાંતના કરિયર અને પરણવા આ બંને વિષય પર હાલ ચર્ચા ચાલી રહી છે. કેટલાયે સમયથી રાહ જોવાઈ રહેલી ધડક-2 હજી આવી નથી. પાછલી ફિલ્મ યુધ્રા ફ્લોપ હતી. એની પહેલા આવેલી ખો ગયે હમ કહાં પણ ખોવાઈ ગયી અને એ પહેલા આવેલી ફોનભૂત પણ તેના કરિયર માટે ભયાનક સાબિત થઈ. આ બધામાં સિદ્ધાંતને તેની ડ્રિમ ગર્લ મળી ચુકી હોય તેવું લાગી રહ્યું છે. ખબર છે ખુબ જાણીતા ઈન્ડિયન ક્રિકેટ ટીમના લેજેન્ડરી ક્રિકેટરની છોકરીને તે ડેટ કરી રહ્યો છે. સામાન્ય રીતે ક્રિકેટરો બોલિવુડની એક્ટ્રેસને ડેટ કરતા હોય છે. પણ અહીં એક્ટર એક ક્રિકેટરની છોકરીને ડેટ કરી રહ્યો છે. પહેલા તે છોકરીનું નામ શુભમન ગિલ સાથે જોડાયું હતું (આ જ શુભમનનુ નામ અત્યારે અવંતિકા કૌર સાથે ચર્ચાઈ રહ્યું છે) સિદ્ધાંતના ભૂતકાળમાં જઈયે તો લાંબા સમય સુધી અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદાને ડેટ કરતો હોવાની ચર્ચામાં હતો. જોકે, હવે તે સારા તેંડુલકરને ડેટ કરી રહ્યો તેવી વાતો ઈન્ડસ્ટ્રીમાં ટૉક ઓફ ધ ટાઉન બની છે. આ બંને ઘણી વાર સાથે જોવા મળ્યાં છે. સુત્રો મુજબ સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર અને સિદ્ધાંત થોડા સમયથી ઘણા નજીક આવી રહ્યા છે. બંને સાથે સમય વિતાવતા જોવા મળે છે પણ આ શરૂઆતી સમય છે તેના કારણે બંને આ સમાચારને છુપાવી રહ્યા છે. સિદ્ધાંતનો હાલ ક્રિકેટ સાથે બીજો સંબંધ એ પણ છે કે તે યુવરાજ સિંઘ પર બની રહેલી બાયોપિકમાં કામ કરી રહ્યો છે. અને સારા એક પ્રોફેશનલ ન્યુટ્રીસ્ટનીસ્ટ છે. જે તેના મેન્ટેઈન્ડ બોડીને જોતા ખ્યાલ આવશે. ગયા વર્ષે, સિદ્ધાંત ઘણી વખત નવ્યા નવેલી સાથે જોવા મળ્યો હતો. બંને એકબીજાના ઘરે પાર્ટીઓ કરતા, બંને સાથે વેકેશનમાં ઋષિકેશ પણ ગયા હતા. જોકે, થોડા મહિના પહેલા જ બંને અલગ થઈ ગયા છે અને ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો પણ કરી ચુક્યા છે. સિદ્ધાર્થ અને સારા બ્રેકઅપ પછી પ્રેમની શોધમાં ક્યાર સુધી સાથે રહેશે તે જોવું રહ્યું. ●

ટૉક ઑફ ધ ટાઉન